વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૧ : અંક - ૩-૪ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : ફેબ્રુઆરી-૬, ૨૨, ૨૦૨૩

# સને ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર

દરેક વર્ષની જેમ વર્ષ-૨૦૨૩-૨૪નું અંદાજપત્ર દેશના નાણાંમંત્રી માનનીય નિર્મલા સીતારામનજી દ્વારા, તા. ૧-૨-૨૩ના રોજ લોકસભામાં મૂકવામાં આવ્યું. આ વર્ષનું ૪૫ લાખ કરોડ રૂપિયાનું જંગી બજેટ છે.

(૧) અંદાજપત્રમાં પ્રાથમિકતા (Priority) મહિલાઓની આર્થિક સ્વશક્તિકરણ કરવા પર છે. ખાસ કરીને ગરીબ અને શ્રમજીવી મહિલાઓ માટે મહિલાઓના સ્વસહાય જૂથને મજબૂત કરવાને મહત્વ આપ્યું.

(૨) દેશની સૌ મહિલાઓ માટે ''મહિલા સન્માન યોજના'' બનાવવામાં આવશે જેમાં સૌ મહિલાઓને બેંકમાં ''બચત''નું રૂ. બે લાખ સુધીના બચત રોકાણમાં ૭.૫ ટકા વ્યાજ આપવામાં આવશે. આ રૂપિયા બે વર્ષ સુધી બેંકમાં મુકી શકશે. (જે મહિલાઓ ૨ લાખ રૂપિયા બે વર્ષ માટે બેંકમાં મૂકે તો તેમને બે વર્ષમાં મૂડી ઉપરાંત રૂ. ૩૦,૦૦૦/-ના વ્યાજનો લાભ મળશે) (''સાદુ વ્યાજ'')

(૩) ૬૦ વર્ષ અને તેનાંથી વધારે ઉંમરવાળા લોકો (સીનીયર સીટીઝન) માટે વય વંદના યોજનામાં 'બચત'નો વ્યાપ રૂ.૧૫ લાખથી ૩૦ લાખ સુધી બે વર્ષ માટે રહેશે. તેમાં વાર્ષિક વ્યાજ ૮% આપવાનું રહેશે. આ રૂપિયા બેંકમાં મુકવામાં આવશે.

(જો ૩૦ લાખ રૂપિયા જમા કરાવશે તો, તેમને દર મહિને રૂ. ૨૦,૦૦૦/- મળશે અને ૧૫ લાખ બચત માટે રૂ. ૧૦,૦૦૦/- દર મહિને (સાદુ વ્યાજ રૂપે) મળશે.

(૪) પ્રધાનમંત્રી આવાસ યોજનાનું બજેટ ૬૬ હજાર કરોડ હતું તે વધીને ૭૯ હજાર કરોડ કરવામાં આવ્યું છે. આવાસ યોજનાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

(૫) ઘરેલું અર્થતંત્રને મજબૂત બનાવવા ઉપર વધુ ભાર આપવામાં આવશે. કૃષિ અને ગ્રામિણ અર્થતંત્ર મજબૂત બનાવવા માટે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

(૬) નાના શહેરોમાં મજબૂત સુવિધાઓને સારી બનાવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

શહેરી માળખાને (ઈન્ફ્રાસ્ટક્ચર) મજબૂત બનાવવામાં આવશે. માળખાના સુધારા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

(૭) સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વેગ આપવા માટે બજેટમાં મોટી જાહેરાતો કરાઇ છે. પહેલી એપ્રિલ ૨૦૨૩થી લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ગેરંટી વગર બે લાખ રૂપિયા સુધીનું ધિરાણ અપાશે. MSME માટે રૂ. ૯૦૦૦ કરોડની ક્રેડીટ ગેરંટી સ્કીમ જાહેર કરી. આપણે સ્કીલ (કૌશલ્ય)નો ગેપ દૂર કરવા માટે નક્કર પગલા લેવા પડશે.

(૮) કૃષિ મનરેગા માટે ફાળવવામાં આવેલી રકમ ગયા વર્ષે ૭૩ હજાર કરોડથી આ વર્ષ રૂ.૬૦ હજાર કરવામાં આવી છે. એટલે રકમ ઓછી કરવામાં આવી છે. કિસાન સન્માન નિધિ, પાક વિમા યોજના, કૃષિ વિકાસ યોજનામાં રૂ.૧ લાખ કરોડ ખર્ચવામાં આવશે.

(૯) શિક્ષણ આધુનિકરણ અને કૌશલ્ય વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

સન ૨૩-૨૪માં શિક્ષણ મંત્રાલયે ૧૧ લાખ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કાઇ છે. ખાસ કરીને શાળા શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ માટે આ ફાળવણી કરાઇ છે.

ગત વર્ષ કરતાં આ વર્ષે ૮%થી વધારે રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

(૧૦) ભારતના રાજ્યોમાં ડિજીટલ લાઇબ્રેરી હશે.

બાળકો અને કિશોરો માટે અલગ અલગ વિસ્તારોમાં, જુદી જુદી ભાષાઓ અને વિષયોમાં ડિજીટલ લાઇબ્રેરી બનશે.

(૧૧) દરેક જિલ્લામાં નાણાંકીય શિક્ષણ (Finacial Literacy) આપવા માટેની લાઇબ્રેરી ખોલવામાં આવશે.

(૧૨) રેલ્વેની કાયાપલટ કરવામાં આવશે જેનું બજેટ બમણું કરીને ૨.૫ લાખ કરોડ કર્યું છે.

(13) 5Gની એપ્લીકેશનને વિકસીત કરવા માટે ૧૦૦ જેટલી લેબોરેટરી સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

(૧૪) નેશનલ ગ્રીન હાઇડ્રોજન- સ્વચ્છ ઊર્જા મિશનમાં ૧૯૭૪૪ કરોડને મંજુરી આપી છે. ગ્રીન એનર્જી માટે રૂ.૩૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.


(૧૫) સપ્તર્ષિ યોજનાઓ : શ્રી અન્નઃપંચામૃત તથા ગોબર ધન જેવી યોજનાઓને બજેટમાં પ્રાધાન્ય આપ્યું છે. આ અંતર્ગત સરકાર અન્ન જુવાર, બાજરો, રાગી જેવાં અનાજને પ્રમોટ કરશે.

(૧૬) રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઓછી કરાશે અને ગોબરધનમાં સરકાર કચરાથી ધન (waste to value) અંતર્ગત ૫૦૦ બાયોગેસ સેન્ટર ખોલશે.


(૧૭) ઇલેક્ટ્રીક કાર ૨.૫% સસ્તી થશે.

બે પૈડાના સાધનો (Two wheeler) ૨% સસ્તા થશે.

**રૂપિયો ક્યાંથી આવશે ?**




**રૂપિયો ક્યાં જશે ?**




**(૧૮) પગારદારોને આવકમાં રાહતોઃ**

**પગારદારોને ૭ લાખ સુધીની આવક ઉપર કર નહીં.**

❖ જો આવક ૯ લાખ રૂપિયા સુધી હશે તો નવી સ્કીમ હેઠળ તમને ૧૫,૦૦૦ રૂપિયાની બચત થશે. ૧૫ લાખની આવક પર ૩૯,૦૦૦નો ફાયદો.

❖ જો હાઉસિંગ લોનના વ્યાજથી કરમુક્તિ અને પીપીએફમાં રોકાણથી ટેક્સ સેવિંગ કરવું હશે તો તમારે નવી ટેક્સ સ્કીમ પસંદ કરવી પડશે.

❖ ૫ કરોડ રૂપિયાથી વધુ આવકવાળાને પણ ટેક્સ ફાયદો. કારણ કે સરચાર્જ ઘટવાથી મહત્તમ ટેક્સ સીમા ૪૨.૭%ના બદલે ૩૯% રહેશે.

(૧૯) વિકાસલક્ષી બજેટ : અમૃતકાળ બજેટ

**લોકોના પ્રતિભાવઃ**

(૧) મોંઘવારી, બેરોજગારી અને અસમાનતા વધારનારુ બજેટ.

(૨) સહકારી ક્ષેત્રે અને કૃષિ માટે બજેટમાં ખાસ પ્રાધાન્ય.

(૩) ડીજીટલાઈઝેશનને વેગ મળશે. યુવાઓને ઉદ્યોગ સાહસિક બનતા પ્રેરિત કરશે.

(૪) બજેટને સત્તાપક્ષે આવકાર્યુ, તો વિપક્ષોએ ભ્રામક ગણાવ્યું.

(૫) અમૃતકાળનું નહી, મિત્ર કાળનું બજેટ છે.

(૬) બજેટ કોઇ દીર્ઘદ્રષ્ટિ વગરનું છે. જેમાં રોજગાર સર્જન કે ફુગાવાને નાથવા માટે સ્પષ્ટ આયોજનનો સદંતર અભાવ છે. અસમાનતા દૂર કરવાનો ઈરાદનો અભાવ.

(૭) યુવાનો બેરોજગાર હોવા છતાં GST ભરવું પડે છે.

(૮) બજેટે મોટાભાગના લોકોની આશાઓ સાથે વિશ્વાસઘાત કર્યો છે.

(૯) બજેટમાં રાહતનો અભાસ છે.

(૧૦) અગત્યનું :

બજેટમાં નાણાંખાધ ઘટી ૫.૯% રહેશે. બજારમાંથી રૂ. ૧૫૪ લાખ કરોડ ઊભા કરવાની ફરજ પડશે.

(૧૧) ડીસ ઇન્વેસ્ટમેન્ટ શબ્દનો બજેટના ભાષણમાં ઉલ્લેખ નથી.

**- જયશ્રી વ્યાસ,**
**'સેવા બેંક', ડાયરેક્ટર**

❑

## ગરીબોની મહિલા બેંક

હું જ્યારે 'સેવાબેંક'માં આવી ત્યારે બેંક 'મજુર મહાજન' સંઘના નીચેના ભોંયરામાં એક રૂમમાં હતી અને પાંચ વ્યક્તિઓનો સ્ટાફ હતો. બેંકની કેશ નાની થેલીમાં ભરાય !

હું વિકાસગૃહના પુષ્પાબહેન મહેતા પાસેથી 'બેન' પાસે આવી હતી, ત્યારે ખાદી પહેરવાની અને બેંકની શરૂઆત હતી. સેવા અને સેવાબેંક બધુ જોડે-મહાજનમાં બેન રોજ આવતા સાથે બેસતાં અને બેનો સાથે વાત કરતાં, તેમનાં પ્રશ્નો સાંભળતા અને કામ કેમ થાય ? તે સમજાવતા.

બેંકમાં એ વખતે બીજી સરકારી બેંકોમાંથી લોન બેનોને અપાવી હતી. તેનાં હપ્તા લાવી અને બેંકોમાં ભરવાના તે લાલજીભાઇ અને સંજીવભાઇ કરતાં હતા. ત્યાર બાદ થોડા વખતમાં 'સેવાબેંક'માંથી લોન શરૂ કરી, જેનું લોન ફોર્મ બેને ડિઝાઇન કર્યુ હતું. જેમાં બધી જ માહિતી આવી જાય અને પૂર્વ તપાસ થાય, રિપોર્ટ લખાય અને લોન કમિટીમાં આવે અને તેમાં ચર્ચા થાય. ત્યારબાદ લોન મંજુર થાય.

ત્યારે બેન ફોર્મ સમજાવતા અને કહેતાં, ''જુઓ, લોન ફોર્મ આપણે બેન પાસે બેસીને શાંતિથી વાત કરીને ભરીએ તો આપણને ખબર પડે કે, બેન લોનનો શું ઉપયોગ કરશે.'' એ વખતે બેને મને એક વાત કરી હતી, જે મને બરાબર યાદ છે. બેન કહે, ''શરૂઆતમાં એક બેન લોન લેવા આવી, જેને છાપકામના ધંધા માટે લોન જોઇતી હતી. મેં તેને જોઇ કહ્યું કે, બેન તારો હાથ બતાવ, તો મને તરત ખબર પડી ગઇ. મેં એ બેનને કહ્યું, સાચું કારણ કહો. તમે છાપકામનો ધંધો કરતાં નથી. જો બેન, તમે છાપકામ કરતાં હોવ તો તમારા હાથ આટલા કોમળ ના હોય.'' આમ અમને સમજાવતા કે, ''ફોર્મ ભરવાનું પણ આંખ-કાન ખુલ્લા રાખવાના જ.''

બેંકમાં શરૂઆતથી બેન સાથે કામ કર્યુ, એટલે મને સીધું જ શીખવા મળ્યું છે. દરેક કામમાં નવું જાણવા મળે. બેંકમાં ઘણી વખત તકલીફો આવી પણ, બેન અમારી સાથે જ હોય અને હિંમત આપતાં જેથી ડર લાગતો નહી. સમાજનો દરિયો ડોલે પણ અમારી બેંક અડગ.

મજુર મહાજનથી દૂર થયા, તે સમય પણ બહુ કઠીન હતો. ત્યારે 'સેવા' રિસેપ્શન સેન્ટર, વિક્ટોરિયા ગાર્ડન સામે નવું જ

બન્યું હતું, જેમાં સેવા શરૂ કરી. પણ, બેંક તો મજુર મહાજનમાં જ હતી. ત્યારે મહાજનનો સ્ટાફ રોજ પૂછે સેવા તો મહાજનમાંથી ગઇ, તો બેંકનું શું ?

ત્યારે હું બેનને કહું કે, આપણે સામે ફૂટપાથ ઉપર આપણી સેવાની બેંક ચલાવીશું. બેંક સરસ ચાલશે. ત્યારે બેન કહેતાં, ''તમે ચિંતા ના કરો, બધુ સારું થઇ જશે.'' આજે બેંક સારી રીતે પોતાના મકાનમાં આગળ વધી છે.

બેન કાયમ બેંક અને સભ્ય બેનોની ચિંતા કરતાં. ગમે ત્યારે ફોન કરીએ, તો સમય કાઢીને મળતાં અને સરસ રીતે સમજાવતાં, ''મહેનત કરો, બચત કરો, સંગઠન કરો અને બીજાનો વિચાર કરો.''

કોઇ સારું કામ કરીએ તો ખૂબ ખુશ થાય. આજે બેન સાથે ૪૭ વર્ષ પુરાં થઇ ગયા, ખબર જ ના પડી. જાણે, ૪૭ કલાક.મારી તો સુખ દુઃખના સાથી હતા. જેમની પાસે બેસીએ તો મનનો ભાર હળવો થઇ જ જતો.

મેં તો આજે મારી મા ગુમાવી છે. તે ખૂબ જ દુઃખદ છે, તેમની ખોટ ક્યારેય નહી પુરાય.

'બેન' સદાય અમારી સાથે જ છે, તેમના આર્શીવાદ છે, બેંક ખૂબ આગળ વધારીએ, બહેનોના કામ સારી રીતે કરતાં રહીએ અને 'બેન'ના ગરીબોની આર્થિક આઝાદીના સ્વપ્નને સાકાર કરીએ.

**- વંદના શાહ,**
**'સેવાબેંક'**

## ઈલાબેન- સર્વકાલીન અત્યંત પ્રજ્ઞ વ્યક્તિ

મને ૨૦૦૨માં ઇલાબહેનને પ્રથમ મળવાનો લહાવો મળ્યો હતો.

હું માની શકતો ન હતો કે આ નાજુક દેખાતી, નરમ અવાજવાળી સૌમ્ય મહિલા, એક ભારેલા અગ્નિ સમી શકે જેણે મહિલા સશક્તિકરણની ચળવળનું સંચાલન કર્યુ અને તેથી જેણે વૈશ્વિક ધ્યાન ખેંચ્યું. તેમણે મને મહિલાઓ માટે ગ્રાસરૂટ ટ્રેડિંગ નેટવર્ક સાથે જોડાવા માટે પ્રેરિત કરી. જેમ જેમ અમે તેમના માર્ગદર્શન હેઠળ કામ કર્યુ તેમ, મેં તે મહિલા માટે ખૂબ જ આદર કેળવ્યો જેણે મહિલાઓને અવાજ, આત્મસન્માન અને અત્યાર સુધી અજાણ્યા પ્રદેશમાં પોતાને માટે એક છાપ બનાવવાની હિંમત આપી. મહિલાઓના ટ્રેડ યુનિયનની સ્થાપનાના ઉમદા હેતુ માટે તેણીની હિંમત અને પ્રતિબદ્ધતાએ દેશભરમાં વીસ લાખથી વધુ બહેનોને સ્વરોજગાર પૂરો પાડયો છે. તેણીનો અભિગમ સૌથી ગરીબ ઘરની અસંખ્ય મહિલાઓના ઘર સુધી પહોંચ્યો છે અને તેમને જીવનનો નવો અર્થ પૂરો પાડયો છે. તેણીએ જે ચળવળને સમર્થન આપ્યું હતું, તેણે મહિલાઓને બજારમાં પ્રવેશ પ્રદાન કરતી ટેક્નોલૉજીનો પચિય કરાવ્યો છે, જેનાથી તેમને સામૂહિક સોદાબાજી કરવાની શક્તિ મળી છે. તે બધા સમયની અત્યંત પ્રજ્ઞ વ્યક્તિ અને વિશાળ કાય માનવ પ્રતિમા રહી છે જે તમામ અવરોધો હોવા છતાં એકવચન ધ્યાન સાથે આગળ વધતી હતી અને તેના મિશનમાં ક્યારેય ઝૂકી નહોતી,આર્થિક બજારમાં સામાજિક મૂલ્યો ઉગાડયા. ટેક્નોલૉજીને મહિલાનું હૈયું આપ્યુ. સંગઠનથી સત્યના રસ્તે ચાલવાનું સરળ કર્યુ. અવરોધોની દિવાલને પેલે કિનારે પહોંચવાના પુલમાં બદલ્યા. ઈલાબેન ખરેખર એક નોંધપાત્ર વ્યક્તિ હતા જેમણે મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવવાની રીતો ઘડી હતી અને તેમને તેમની બાળકો સાથે અન્ય બાળકોની જેમ આદર સાથે વર્તે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું.

તેમના નિધનથી આખો ભારત દેશ શોકમાં છે. જો કે, તેમના નિધન પર શોક કરવાને બદલે, આપણે આ નોંધપાત્ર મહિલાના અસાધરણ જીવનની ઉજવણી કરવાની જરૂર છે, જેમણે પોતાનું જીવન મહિલાઓના ગૌરવ અને આજીવિકાના ઉત્થાન માટે સમર્પિત કર્યુ હતું. મહિલાઓ માટે સમાનતાના પડકારને સ્વીકારવા માટે નવી પેઢીઓને પ્રજ્વલિત કરવા તે તેમના વારસાને આગળ ચાલુ રાખશે.

ઈલાબેન, અપને અમારા કોટી-કોટી નમન.

**- વિનોદ રાય**

## ગાંધી વિચારને આચારથી દૂર સરી જતો બચાવ્યો

મારો ઇલાબહેન સાથેનો પરિચય ૨૦૦૪થી પ્રત્યક્ષ પણ આમ તો લાંબા સમયથી અપરોક્ષ રીતે તેમના કામની સાથે ક્યાંક ને ક્યાંક જોડાવાનું થતું હતું. સર્વપ્રથમ સેવા સાથે બોડેલી વિસ્તારનાં આદિવાસીઓને જમીન ફાળવવામાં આવી તેમાં વધારે સારું આર્થિક મૂલ્ય મળે તેવી ખેતીના આયોજન માટે જોડાયો હતો. ત્યારબાદ સેવાનો જંગલ ખાતાની નર્સરીનો પ્રોજેક્ટ આણંદથી શરુથયો હતો, તેમાં સહભાગી થવાનું થયું હતું.

ઈલાબહેનનું ભરપુર વાત્સલ્ય મને મળ્યું છે અને ૨૦૧૫થી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ થયા ત્યારથી વિધાર્થીઓમાં નવું શું થઇ શકે તેની હંમેશા ચિંતા કરતાં અને નાના એવા કામને પણ તેઓ બિરદાવવાનું ચૂકતા નહીં. સાવ સાદો દાખલો આપું તો વિદ્યાપીઠની બેઠકમાં ખાખરા, સીંગ અને ખજુરનો નાસ્તો આપતાં. તેઓ હંમેશા કહેતા કે, આજ તો ખાદી અને ગાંધીવિચાર છે.વિધાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ઓનલાઈન ગોષ્ઠીનો કાર્યક્રમ ૨૦૨૨માં શરુ કર્યો.તેમાં વિદ્યાર્થી તરીકે વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરતાં અને તેમનો પ્રભાવ વિધાર્થીઓમાં દેખાતો. ગુજરાત વિધાપીઠને તેમણે ઘણું આપ્યું છે. તેમને શ્રધાંજલિ આપતાં તેમનો ઋણ સ્વીકાર વિધાપીઠ પરિવાર વતી કરું છું.

**રાજેન્દ્ર ખીમાણી,**
**કૂલનાયક, ગુજરાત વિદ્યાપીઠ**

## ગાંધી વિચારના સાંપ્રત અમલ કરનારા

ઈલાબેન અને તેમના કુટુંબ સાથે ચાર પેઢીનો ઋણાનુબંધ. પિતાશ્રી સુમંતભાઇએ અમદાવાદ સ્ટડી એક્શન ગ્રુપ (અસાગ) સંસ્થાનું બંધારણ લખેલું. પતિશ્રી રમેશભાઇ અસાગના લાંબા સમય સુધી ટ્રસ્ટી. પુત્ર મિહિર સાથે વર્ષો જુની દોસ્તી. ચોથી પેઢી માટે તો

હું ઘરડો છું, પણ મિહિર અને રીમાબેનના બે પુત્રો એટલા અલગ છે કે મારી દોસ્તીના મોટા દાવેદાર છે. ૧૯૬૮માં શરૂ થયેલા એ સંબંધો જીવનની મોટી મૂડી છે.

ઈલાબેનની વિકાસ યાત્રા ખૂબ જ નજીકથી જોઇ છે, સમજી છે, વિચારી છે. ગાંધીયનના લેબર વગરનો ગાંધીજીને અતિ અહોભાવથી જોનારામાં હું એક છું. વધુ પડતું લાગે, ઘેલું લાગે તો પણ મારે કેવું છે કે ઈલાબેન મારા માટે ગાંધી હતા. જીવતા, જાગતા, હાલતા, ચાલતા, વિચારતા, પ્રેરણાદાયી અને અલભ્ય સંસ્થાઓ બનાવતા અને ચલાવતા. હું એવું માનતો આવ્યો છું કે ઇલાબેન જેવી વ્યક્તિ તેમણે જે કર્યુ, તે જ કરે. If she did not conceive and made SEWA, who would ? સાદગી, સત્ય, પ્રેમ, ભાવના, ભવિષ્ય, અસમાનતા, ગરીબી, અન્યાયઃ બધું તેમણે કામમાં વણી લીધું. જીવન અને કામને તેમણે ભેગું રાખ્યું, સરળતાથી અને સહજતાથી.

**- કીર્તિ શાહ,**
**અસાગ સંસ્થા**

## સ્મરણના સંદેશા : એક ઝલક

ભારતભરમાં અભૂતપૂર્વ સ્વયંભૂ રીતે ઈલાબેન માટે શોક ફેલાઈ ગયો છે : ગુજરાતના ગામે ગામ અને ગરીબોના બજારોમાં. આવો નાગરિકોનો રાષ્ટ્રવ્યાપી જુવાળ અનન્ય છે.

**- અજયભાઈ ઉમટ, ગુજરાતના વરિષ્ટ પત્રકાર**

ઈલાબેન અમદાવાદનો અમુલ્ય વારસો છે અને સદીઓ સુધી થઈ રહેશે તેની મને ખાત્રી છે.

**- પી.કે. ઘોષ, આઈ.એ.એસ., પૂર્વ કમિશ્નર, અમદાવાદ**

સીધું, સાદું, અને સરળ લખાણ. વિચાર પણ તેવા. જીવન પણ ઈલાબેનનું તેવું. કોઈ બીન જરૂરી ઉચ્ચારણ કે અક્ષરનો ભાર નહીં.

**- મીનળ પંડ્યા, લેખિકા, બોસ્ટન**

વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઈલાબેનને સૌથી વ્હાલા, સ્નાતકાંક્ષિ ભાઈઓ સાથે વાત કરવી તેમને ખૂબ જરૂરી હતી. ભાઈઓનું કોણ? હંમેશા પૂછે. **- ખીમાણીભાઈ, ગૂજરાત વિદ્યાપીઠ**

ઈલાબેનની શ્રદ્ધાંજલી લખવી તે પોતે જ કેટલું મોટું શિખવાનું મારા જીવન માટે બની ગયું છે. આવા જીવનને ગણત્રીના શબ્દોમાં કેમ કરી લખવું? **- ક્રિષ્ના પોખારેલ, વોલ સ્ટ્રીટ જર્નલ, યુ.એસ.એ.**

ઈલાબેને સેવાને વડલો બનાવ્યો છે. વડવાઈ છે તે ડાળી છે અને ડાળી છે તે મૂળ છે. વધતા જાય છે.

**- ચૈતાલી દિપેશ સિન્હા, ચિત્રકાર**

હંમેશા પાસે બોલાવે. બેસાડે. સમજાવે અને પ્રોત્સાહન આપે તે ઈલાબેન. દરેક કામમાં. **- સુનિતાબેન, સેવા**

ઈલાબેન અમારા પડોશી. કોઈ અવાજ કે અડચણ નહીં અને જરૂર હોય ત્યારે પડોશી તરીકે અમારી સાથે મદદમાં તૈયાર. શાંત અને સ્વસ્થ. **રાજેશ પરીખ, પડોશી**

ગાંધી અને બહેનો અને મજૂરોની ચળવળ તેમણે પચાસ વર્ષ ચલાવી અને અસરકારક કરી બનાવી. પોતે અને સૌને સાથે રાખીને. નમ્રતાથી. **- વર્ષાદાસ, દિલ્હી**

નાગરિક સંગઠનોના ઈલાબેન પ્રહરી હતા અને સંગઠનોને બહેનો, બાળકો, મજૂરો અને ગરીબોની સામાજીક ચળવળો સાથે ઈલાબેને અનન્ય રીતે ભારતભરમાં સાંકળી છે.

**- શ્યામનારાયણ દવે, યુનીસેફ - ગુજરાત**

ઈલાબેન, મારા મોટાબેન, હંમેશા મને યાદ કરાવતા કે ટટ્ટાર બેસો, ઉભા રહો, અને ચાલો : નમ્ર ગર્વ તેમને પસંદ હતો.

**- રૂપા કિરણ જાની, કેનેડા.**

ખુદા ઈલાબેનને હજાર દુઆ આપે અને પોતાની ખૂબ પાસે બેસાડે. અલ્હા આલા મુકામ ફરમાયે. **- યાકુબભાઈ શેખ, ડ્રાઈવરભાઈ**

દૂરથી જાણું પરંતુ તેમનું કામ સમજું અને અંગત જીવનમાં ઉપયોગી માનું. **- અભિજીત, બોસ્ટન**

ઓરિસ્સા ઈલાબેનને પસંદ હતું. બહેનોની કલા અને કૌશલ્ય. અને કમરતોડ મહેનત તે વિસરતા નહી.

**- સુદર્શનભાઈ, ઓડિશા**

કેર ઈકોનોમી અને કામની કિંમત તેમને ખૂબ પજવતી. બહેનો અને મજૂરો પોતે પોતાના કામનું મૂલ્ય કરે અને નહીં કે મૂડીપતિ કે સરકાર તેમ તે માનતા. **- સ્વર્ણાબેન, ચૈન્નાઈ**

ઈલાબેન પંચશીલ સોસાયટીના નમ્ર અને નામાંકિત સભ્ય બની આજીવન રહ્યાં. રોજ દેખાય નહીં પરંતુ ગરબામાં સામે ચાલી નેવુ વર્ષે જોડાયા. **- વિનોદભાઈ, પંચશીલ સોસાયટી**

ઈલાબેન સુરત શહેર માટે ખાસ લાગણી રાખતા. સાચા સુરતીની જેમ, સ્વાદિષ્ટ રસોઈ પારખી જતાં અને સાથે મળી ખૂબ માણતા.

**- સેજલ બૂચ, સુરત**

લાખો ગરીબો, બહેનો, અને મજૂરો ઈલાબેન થકી સમગ્ર ભારતમાં પાચ દાયકા સંગઠિત થયા અને દિશા મેળવી શક્યા. રાષ્ટ્ર ઘડતરનું અનન્ય કામ થયું છે. **- શ્રવણ ગર્ગ, ભારતના વરિષ્ટ પત્રકાર**

ગૂજરાત વિદ્યાપીઠના ચાન્સેલર. વડ સમા. સૌને સમાવે. સાથે રાખે. શાતા આપે. **- મંદાબેન પરીખ, વિદ્યાપીઠ**

વસ્ત્ર, વસ્ત્રવિદ્યાના ઈલાબેન પારખુ હતાં. નાના મોટા કેટલાયે ડીઝાઈનરોને તેમણે સીધું અને સર્વત્ર દિશાસૂચન કર્યું હતું. મારા ડિઝાઈનના વિદ્યાર્થીઓ તેમને મળી નવી ગરીબ અને બહેનોલક્ષી દિશા અચૂક મેળવતા.

**- સંગીતા શ્રોફ, જાણીતા ડિઝાઈનર અને ડિઝાઈન આચાર્ય**

મારા કામ, વિચાર, અને આચારની બીજા પર કેવી અસર પડે છે તેની તેમને સતત ચિંતા. અજાણે સૂક્ષ્મ હિંસા ના થાય તેની રાષ્ટ્રઘડતરમાં ખૂબ કાળજી રાખતા અને રખાવતા.

**- સતચિત બલસારી, હાર્વર્ડ યુનીવર્સિટી**

મારી દિવાદાંડી હતાં. દૂરથી પણ અચૂક પ્રકાશ પાથરતા અને કામ અને જીવનમાં દિશા દેખાડતા. **- અર્ચના શાહ, બંધેજ**

પાંચ વર્ષ આયોજન પંચના સભ્ય તરીકે તેમણે આયોજનને નાગરિકો સાથે જોડી અને આર્થિક આઝાદી માટે ગરીબી નિવારણના કામો ઉભા કરાવ્યા. રોજી વગરનો ભારતના અર્થતંત્રનો વિકાસ તેમને માટે નિરર્થક હતો. **- પ્રોફેસર મહાવીરભાઈ, સ્કૂલ ઓફ પ્લાનીંગ, દિલ્હી**

## ડુંગળી બટાકાથી દરેક દીકરાનું પોતાનું ઘર

બહેરામપુરા વિસ્તારમાં રહેતા, ૮૦ વર્ષના આગેવાન પાલુબેન વશરામભાઈ પરમાર કહે, અમે દાણાપીઠમાં ડુંગળી-બટાકા વેચતાં પણ અમારી પાસે વેચવાની જગ્યા ન હતી. દબાણની ગાડી કે જેણે અમે ટ્રોલી કહેતા તે આવે ને માલ સામાન, કાંટા બધુ લઇ જાય.અમને દોડાવે તે અમે છેક દાણાપીઠથી માંડવીની પોળ સુધી દોડીએ અને પાછા દંડા પણ મારે. અમારા થડાના ખેંગારભાઈ મજૂર મહાજનમાં જોડાયેલા તેમણે અમને ઇલાબેનને મળવા કહ્યું. બેનને અમારી બધી વાત કહી. બીજા ૩ યુનિયનમાં ગયા કોઈ કામ કરતાં નથી, અમને ફક્ત ૨ ટોપલીની જગ્યા અપાવો. બેન કહે, તમે બધા બહાર બેસો હું આવું મજૂર મહાજનમાં જે ભાઈઓ હતાં તે નોકરી કરે અને અમે ગરીબ વેચનારા તે એમને ગમે નહિ. બેન કહે, હું કહું તેમ તમે કરશો ? તો, અમે હા પાડી. સાહેબે સાથ સહકાર આપ્યો. બેન અમને બધાંને લઈને શાહીબાગ પોલીસ કમિશ્નરને મળવા ગયા પણ તકલીફ તો એટલી જ અમે કહ્યું બહેન અમે ચાર આનાથી માંડી ૧ રૂપિયો આપીશું પણ અમારી માટે કંઈક કરો. એટલે પછી બેને અમને સંગઠનમાં જોડી અમારું યુનિયન બનાવ્યું. ત્યારબાદ જગ્યા માટે હાઈકોર્ટ ગયા પણ લક્ષ્મીબેન ટેટા, હેમીબેન, રાજીબેન અને મુળીબેન સાથે ગયા, ત્યાં વકીલ ઇન્દીરાબેનને મળ્યાં અને કેસ લડવા કહ્યું અને તેઓપણ આ કેસ લડવા તૈયાર થઇ ગયા. માણેકચોકથી દાણાપીઠના ૩૧૩ બેનોનો કેસ લડ્યા, જીત્યાં અને લાઈસન્સ મળ્યું. આ બધું અમે ઈલાબેનના પ્રતાપે મેળવ્યું.

બેન અમને કહેતા, તમે કમાઈને તમારા બાળ બચ્ચાને ભણાવોઆગળ જમાનો કોણ જાણે, કેવો આવશે! થોડુ-ઘણું ભણ્યા હશે તો એમના જીવન સુધરશે. એ બોલથી મે મારા બાળકોને ભણાવ્યાં.અત્યારે જમાલપુર માર્કેટમાં મારા દીકરા ધંધો કરે છે. અમારે નાનું છાપરું (ઘર) બનાવવા અને ધંધો ચલાવવા પૈસાની જરૂર પડે તે વધારે વ્યાજે પેઢીમાંથી લાવીતા. એ વખતેઇલાબેને અમને બધાંને ભેગા કરી રોજનાં ૧૦ રૂ. ઉઘરાવતા કર્યા, ત્યારે અમે રોડ પર બેસી ગણતરી કરતાં.આ પૈસાથી પોતાની સેવા બેંક ૧૦ બેનોથી શરું કરી. તેમાં ૧૦૦ ને ૩૦૦ બેનો જોડાયા. આજે તો ઘણી બધી અમારા જેવી શ્રમજીવીબેનો બેંકમાં જોડાયા છે.આ પણ ઈલાબેનના રૂડા પ્રતાપ અને સાથથીથયું. બેનને ભાવના જાગી કે ગરીબ શ્રમજીવી બેનોનું કોઈ નથી હું હાથ પકડીશ તો ભગવાન મારો હાથ પકડશે.

અમારે ઘર બનાવવું હતું પણ, અમને અભણ બેનોને લોન કોણ આપે ? ત્યારે સેવા બેંકે ઘર બનાવવા મને મારા વહુના નામે ૧૫૦૦૦ની લોન આપી. હાલમાં હું મારા દીકરા સાથે ફ્લેટમાં રહું છું. મારા ૩ દીકરા છે ત્રણેયના પોતાના ઘર છે. ઈલાબેને અમને ઘણી સમજ અને હિમત આપી અને અમે અમારા ધંધાથી આટલા આગળ આવ્યાં. આ બધું જાત મહેનત, બચત અને સેવા સંગઠનથી થયું છે.

જય સેવા ...

**- ગીતા કોષ્ટી**

## ઈલાબેનની હામ

ઈલાબેનનું દુઃખદ નિધન થતાં બહુ દુઃખની લાગણી અનુભવુ છું. આદરણીય ઇલાબેનનાં દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરું છું.

'સેવા' પરિવારને હમેંશાં 'બેન'ની બહુ મોટી ખોટ રહેશે. પરતું, 'બેન'ને એમના જીવન દરમ્યાન બહેનો અને તેમના પરિવાર માટે જે સેવા રૂપી કાર્યો કર્યા છે એ બનાવેલા પંથ પર ચાલી એમના વિચારોને આગળ વધારવા એજ તેઓને સાચી શ્રદ્ધાંજલિ છે.

'કચ્છ ક્રાફટ એસોસિએશન'ની સ્થાપના વર્ષ-૧૯૯૫માં થઈ. જેમાં, સ્વ. રમેશભાઈ ભટ્ટનું બહુ જ અમૂલ્ય યોગદાન રહેલું છે. કચ્છ જિલ્લાના પશ્ચિમે આવેલ ત્રણ તાલુકા-નખત્રાણા, અબડાસા અને લખપતમાં અભ્યાસ કરેલ છે.

આ અભ્યાસમાંથી બહાર આવ્યું હતું કે, કચ્છ જિલ્લાનું ભરતકામ દુનિયાભરમાં મશહૂર છે. આમ, છતાં કારીગરોને તેમની મહેનતનાં પ્રમાણમાં જોઈએ તેટલું વળતર નથી મળતું. કારણ કે, આ હસ્તકારીગરો છેવાડાનાં ગામોમાં રહેતાં હોવાથી તેઓ સરકારી તથા બિન સરકારી યોજનાઓથી અજાણ હતા. ઉપરાંત તેમની વસ્તુઓનું સીધા બજાર સાથે જોડાણ પણ ન હતું. તેમની પાસે કાયમી કામ પણ ન હતું. સીધા બજારની જાણકારી ન હોવાથી તેઓને વેપારી ઉપર તથા વચોટિયાઓ પર આધારિત થઈ જવું પડતું અને દુષ્કાળના સમયે તો તેમને જીવનનિર્વાહ માટે પોતાની અમૂલ્ય કારીગરી પાણીનાં ભાવે વેચી દેવી પડતી હતી.

'સ્વાશ્રયી મહિલા સેવા સંઘ'-'સેવા' દ્વારા કચ્છ જિલ્લાના ત્રણ તાલુકાના ૨૫૦૦ કારીગર બહેનોને ૧૦૧ 'દ્વાકરા' જૂથમાં સંગઠિત કર્યા અને હસ્તકારીગર બહેનોને કાયમી કામ મળી રહે તે માટે સીધા બજારની વ્યવસ્થા ગોઠવી આપી. ૧૦૧ 'દ્વાકરા' જૂથોને જિલ્લા સ્તરનાં ફેડરેશનમાં સંગઠિત કરવામાં આવ્યા.

કચ્છના સભ્યો માટે બહુ જ મોટા સામાજિક બદલાવ જે કહી શકાય, જેમાં ઘુંઘટ પ્રથા, દીકરા-દીકરીની સમાનતા, પરિવારમાં મહિલાની ઓળખ ઊભી કરવી, જમીન જેવી મિલકતમાં હિસ્સો દાખલ કરવા જેવાં મોટા સામાજિક બદલાવો આવેલા. આ કામમાં ઘણી તકલીફો પડી હતી,પરંતુ ઈલાબેનની હામ હતી.

કચ્છમાં ભરતકામ કરતાં, ખેતીકામ, પશુપાલન, ખેતમજૂરો જેવાં દરેક વર્ગના અને સમાજ માટે ઈલાબેને ઘણી મહેનત કરી છે. 'સેવા'ના સભ્યો માટે એમા કંડલાનું વાવાઝોડું હોય, દુષ્કાળ હોય, ભૂકંપ કે પછી કોરોના કાળ હોય, દરેક વિકટ પરિસ્થિતિમાં 'સેવા' કચ્છના બહેનો અને સભ્યો માટે હંમેશા મદદરૂપ થયેલ છે.

વર્ષ-૨૦૦૧માં ભૂકંપ વખતે અનેક વ્યક્તિઓના મુત્યુ થયાં હતાં અને ઘણાં સભ્યોનાં ઘર ધરાશય થઇ ગયા હતા અને તેઓ બેઘર થઇ ગયા હતા. આવી કપરી પરિસ્થિતિમાં જવું તો ક્યાં જવું? નહી ઘર કે, નહી રોજગારી !! મનુષ્ય માટે એક દરવાજો બંધ કરે તો બીજો ખોલે જ્યારે ધરતીકંપ આવ્યો ત્યારે 'સેવા'ના ઇલાબેને કચ્છમાં ઘર વિહોણા બનેલ અનેક મહિલાઓને રહેવા માટે આશ્રય આપ્યો પાકા મકાનો

અપાવેલા અનેક ગામોમાં રોજગારી માટે બહેનોની આવડત અને જરુરિયાત પ્રમાણે ભરતકામ, કડીયા કામ, નાના ધંધા માટે બહેનોને નાણાંકીય મદદ અનેક પ્રકારના સ્કિલડેવલોપમેન્ટના કામો, કાર્યક્રમો, કચ્છનાં સભ્યો માટે આદરેલ છે. લાંબાગાળાની રોજગારી ઊભી થાય એ દિશામાં ઘણાં કાર્યો કરેલ છે અને તેથી આફત સફળતામાં ફેરવાઈ ગઇ.

કચ્છના સભ્યો હંમેશા ઈલાબેનને ગરીબ બહેનોના કામ કરી યાદ કરશે.

**- જામભા.એસ.સોઢા,**
**જિ. કચ્છ**

## કામ પાર પાડયું તે આપણું કામ

સૌ પ્રથમ વડોદરા જિલ્લામાં 'સેવા'એ વર્ષ ૧૯૯૧-૯૨માં સર્વેનું કામ ૬ ગામથી શરૂ કર્યુ. લુણાન્દ્રા વસાહત, છાદરા વસાહત, ધનપુર વસાહત, તાંદલજા ખોસ વસાહત, સહીયાદ્રી મૂઠાઈ વસાહત અને રતનપુર સાગદરા વસાહત.

ગામમાં કેટલા ઘર છે ? કેટલા સભ્ય છે ? કેટલા ઢોર રાખે છે ? શું મુશ્કેલી છે ? રોજગારી માટે શું કરશો ? પીવાના પાણી, રસ્તા આ બધા ઉપર સર્વે કર્યો અને રમેશભાઈ ભટ્ટને 'સેવા' એ આપ્યો. રમેશભાઈ ભટ્ટે એનો એ ડેટા તૈયાર કરીને 'વર્લ્ડ બેંક'ને આપ્યો હતો. ત્યારબાદ ૩વર્ષ માટે આ ૬ વસાહતમાં કામગીરી કરવા માટે કાર્યક્રમ મંજુર થયો અને ૧૯૯૩માં 'સેવા બોડેલી'માં કામ કરવાની શરૂઆત કરી.

ઈલાબેન જ્યારે છોટાઉદેપુર આવતાં ત્યારે ત્યાંની આદિવાસી શ્રમજીવી કામદાર બેનોને કહેતાં, ''આપણે કાયમ સચ્ચાઇને રસ્તે જ ચાલવું. ગમે તેવી આફત આવે તો ડરવું નહી. ગાંધીનાં મૂલ્યોને અપનાવીને ચાલવું. આપણે સૌને ગમે તેવી મુશ્કેલીઓ આવે તેનો સામનો કરવાની દિશા બતાવતા આગળ ચાલવું. કામથી ક્યારેય ડરવું ના જોઈએ. હંમેશા કામ પાર પાડીને રહેવું એ આપણું કામ છે.''

આપણા 'સુખી મહિલા સેવા મંડળ' ચલાવવા માટે કાયમ માર્ગદર્શ આપતાં અને અમે આગળ વધતા ગયા. 'બેન'ના સાથથી કામ કરતા અને બેનોને બોલતા થયાં. તાલીમ આપીને જાગૃત કર્યા. આદિવાસી બેનો ઘરથી બહાર નીકળતી થઇ. બેનોનો ઘણો શક્તિવિકાસ થયો. જો ઈલાબેને 'સેવા'

ઊભી કરી ને સુખીયાં ૬૦થી ૬૦૦૦૦ સભ્યો અને આદિવાસી મહિલા અમારી જેવી ૨૧ લાખ બેનોનું સેવામાં સંગઠન થયું.

**- કવિતાબેન,**
**જિ.છોટાઉદેપુર**

## સમયની આરપાર અને આગળપાછળ જોનારા

બેન હવે આપણી સાથે નથી તે વાતને મન હજી માની શકતું નથી, ના સમજી શકાય અને ના કહી શકાય એવી અજબ વ્યથા છે. સેવામાં મને ૨૯ વર્ષ થયા...હું જોડાઈ ત્યારે સેવાની એક જ બિલ્ડીંગ હતી, સેવા બેંક અને બધી જ પ્રવૃત્તિનું સંચાલન સેવા રિસેપ્શનથી થતુ. બેન સાથે દર મહિને સંગઠકોની મિટીંગ થતી જેમાં બેસવાનું હંમેશા ગમે અને મન થાય. આટલા વર્ષોમાં બહેન સાથે મળવાના અનેક પ્રસંગો થયા, બેન સાથે મળવાનું એટલે સત્સંગ... જેમાંથી હંમેશા કંઈક ને કંઈક મળે, બેન સાથેની મુલાકાત એટલે ભાર વિનાનું ભણતર હળવાશ અને નવરાશની પળોનો આનંદ... બેન એટલે વડલાની શીતળ છાયા...

બેનને લદાખ માટે વિશેષ પ્રેમ હતો, લદાખના બહેનોને બેન મળે ત્યારે હંમેશા કહેતાં કે, ''લદાખ એકદમ પ્યોર છે જેને હંમેશા પ્યોર અને સ્વચ્છ રાખશો...'' ડિસેમ્બર ૨૦૨૧માં લદાખ સેવાના બહેનોને બેન કમલામાં મળ્યા ત્યારે બેનની ઈચ્છા હતી કે, લદાખમાં સેવા બેંક શરૂ થાય અને બહેનોએ પણ વચન આપ્યું કે આપણે લદાખમાં સેવા બેંક જરૂર શરૂ કરીશું. બેનને મળીએ ત્યારે હંમેશા લાગતું કે બેન સમયની આરપાર અને આગળપાછળ જોઈ શકે છે અને દૂરના આવનારા ભવિષ્યના સમયને ઓળખી શકે છે. તેમની છાયામાં 'સેવા'એ ૫૦ વર્ષ પૂરાં કર્યા અને બાકીના આવનારા અનેક વર્ષ તેમની અથાગ મહેનત અને શ્રમજીવી બહેનો પ્રત્યેની તેમની નિષ્ઠા અને હંમેશા મને પ્રેરણા આપતા રહેશે. દરેક બહેન ઈલાબહેન જ છે.

**- નીતા ત્રિવેદી**

## તેમને તમે ન ઓળખો પણ તે તમને ઓળખે

હું ઈલાબેન સાથેના સંભારણાની વાત કરું તો, હું સેવામાં ૨૦૦૧માં શહેર સંગઠનમાં કાનૂની સેવામાં જોડાઈ ત્યારે મારો ફેમીલી કોર્ટમાં કેસ હતો. એ સમયે વેચનારાનું કામ પુરજોશમાં ચાલતું હતું. વેચનારાની નેશનલ પોલીસી બની અને વેચનારાનો કાયદો આવ્યો તે દિવસે મનાલીબેન, શાલીનીબેન દિલ્હીથી આવતા હતાં રમીલાબેન, ગીતાબેન એરપોર્ટ જતાં હતાં તેમણે મને કહ્યું, તું પણ ચાલ ને ? કહ્યું, મોડું થશે તો ? રમીલાબેન કહે, હું છું ચિંતા ના કરીશ.હું એરપોર્ટ ગઈ ત્યાંથી મનાલીબેન અમને ઈલાબેનના ઘરે લઇ ગયા. બધાંને ઈલાબેન ઓળખે એટલે નામથી બોલાવે. મને પણ મારા નામથી બોલાવી, કૈલાસ મઝામાં ને ? હું વિચારમાં પડી ગઈ. તે વખતે તો મેં ના પૂછ્યું. બીજા દિવસે મનાલીબેનને પૂછ્યું. મનાલીબેન કહે કે, તમારા સસરા- આઈ.આઈ.એમ.માં કામ કરે છેતેમના પ્રોફેસર અનિલભાઈ છે અને તેઓના સંબધ ઈલાબેન સાથે ઘર જેવા છે અને તેમણે તમારા વિશે વાત કરી હતી.મને ઈલાબેને પૂછ્યું હતું કે,''મનાલી તારે ત્યાં કૈલાસબેન છે? તેમનો કોર્ટમાં કેસ છે ?'' મેં હા પાડી હતી તો બેન તમને છેલ્લા બે-વર્ષથી ઓળખે છે તમારી કેસ અંગેની વાત પણ કરે છે. આમ, મને ખબર નહોતી અને બેન મારી ચિંતા સતત કરતાં હતાં અને મને ઈલાબેનનું આ સંભારણું કાયમ યાદ રહેશે.

**- કૈલાસ રાજપાલ**

## સાત રૂપિયાની બચતથી પોતાનું ઘર

નાનુબેન જુના કપડાં વેચનાર આગેવાન ઈલાબેન સાથેની વાત યાદ કરતા કહે છે, હું ૭/- રૂ. લઈને ગામડેથી અમદાવાદ ધંધો કરવા આવી હતી અને સેવા બેંકમાંથી રૂ.૫૦૦ ની પહેલી લોન લીધી હતી. આવી જ રીતે ૩૫ વર્ષ પહેલા મારા દીકરા- દીકરીને પરણાવવા પૈસાની જરૂર હતી ને હું સેવાબેંકમાં લોન લેવા ગઈ ત્યારે બહેન આવેલાં ને ત્યા હું તેમને મળી હતી. ત્યારે બેને

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.**

**Ahmedabad P.S.O. 6, 22-2-23**

મને પૂચ્છયું કે તમને લોન કેમ જોઈએ છે ? મેં બેનને જવાબ આપ્યો કે, મારી દીકરીના લગ્ન છે દરદાગીના,કપડાં લેવાનાં છે માટે. ત્યારે બેને મને સલાહ આપી કે, લગ્ન છે દાગીના લો તો તે ક્યારેક કામ આવે પણ, કપડાં મોંઘા લઈએ જે એકવાર પહેરી પાછા કબાટમાં મૂકી દેવાના. મને બેનની આ વાત ગળે ઊતરી ગઈ. મેં મારા ઘરના પ્રસંગમાં પહેરવાની નવી સાડી ખરીદવાની હતી તે માંડીવાળી અને મામેરામાં જે સાડી આવી તેનાથી પ્રસંગ કાઢ્યો. જોયું, આવા હતાં અમારા બેન કે, જે ગરીબોને નીત નવું શિક્ષણ આપતાં પછી તેધંધાનું હોય, બચત વિષે હોય કે સામાજિક પ્રસંગોને લગતું હોય. તેમની દરેક વાતો મેં મારા જીવનમાં ઊતારી બચત કરતી ને મારું પોતાનું ઘર પણ બનાવ્યું ને બાળકોને પણ પરણાવ્યા. મારા જેવા બીજા સભ્યોને પણ સંગઠન, મહેનત, બચત અને સેવાની વાત ઇલાબેને શીખવાડેલી શીખવીશ.

**- ગીતા કોષ્ટી**

***સ: जातो येन जातेन***
***याति वंश : समुन्नतिम***

**જન્મ એમનો સાર્થક રહ્યો, જેમના કારણે આજે આપણી બધાની ઓળખ છે**

બેન માટે ૧૦૦ શબ્દોમાં જ 'અનસુયા' માટે લખવું એવું જયારે આપણ ને ખબર હોય ત્યારે ૫૦ વર્ષમાં ૨૨ વર્ષ જોયેલા કામ અને ૨૮ વર્ષ સુધી સાંભળેલા અને બેનની સાંભળેલી વાતોનો ચિતાર કઈ રીતે ૧૦૦ શબ્દોમાં ક્યાં લખવા? ૧૦૦ રામાયણો ટૂંકી પડે. એને વાગોળવા બેસીએ તો એ કેટલો સમય વીતી જતો હોય છે... બેન અને 'સેવા'ના કામને તો હું બાળપણથી સાંભળતી અને જયારે મને સેવામાં કામ કરવાની તક મળી ત્યારે જ તો બેન અને સેવાને સમજી શકી.

જયારે પણ બેનને મળીએ ત્યારે એક હસતો ચહેરો અને એમની બોલતી આંખો જાણે આપણને કેટલાયે જવાબ આપતી.સમુત્થાનના કામમાં બેન સાથે ખૂબ નજીકથી કામ કરવાની તક મળી. બેન હંમેશા કહેતા કે, ''જયારે કોઈ માળખા તૈયાર હોય તો આપણે નવું કેમ કરીએ?'' કોઈ પણ પ્રવૃત્તિ નવી કરવી હોય તો પહેલા જ પૂછે કે, ''સભ્ય બેનો શું કહે છે ? તમે મળ્યા બેનો ને?'' મને લાબું વિચારતી બેને જ તો કરી. બેન ચિવટતાથી, બધા જ રિપોટ વાંચે અને જ્યાં પણ એમના સૂચન હોય તે તરત પૂછતા. પૂછે વધુ. બોલે ઓછું.

સપ્ટેમ્બર મહિનામાં બેનનો મેસેજ આવ્યો કે, હું તને કુંતી કહું? અને પછીના બે વાર અમારી વાત થઇ ત્યારે બેને મને કુંતી કહી ને બોલાવી.. પણ આ કુંતીની મુલાકાત હજુ અધુરી જ રહી ગઈ.. ભગવાન પર ભરોસો રાખો.. પ્રાર્થના કરો.. કેટલીએ પ્રાર્થના કરી પણ, ભગવાન આગળ તો આપણે પણ હાર્યા. પ્રાર્થના પર ભરોસો રાખવો એ પણ બેને તો શીખવ્યું હતું...

બેનના જીવનમાંથી જે શીખ મળી તે ક્યારેય ભૂલીશ નહી. સભ્ય બેનો પર શ્રદ્ધા રાખવી, પ્રવૃત્તિ શરુ કરતા પેહલા બેનોને જરૂરિયાત છે કે નહી ! તે જોવું. બેનોને સાંભળવા, ક્યારેય પાછા ના ફરવું હંમેશા કામ અને બેનો માટે ઝઝૂમવું..ત્યારે જ તો સેવા ૧૦૦ની થશે અને એ જ તો બેનને અમારી શ્રધાંજલિ...

બેનને પ્રેમ, દરેક બેનને પ્રેમ....

**- પૃથા વ્યાસ**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6, 22-2-2023**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001